ક્રિમીનલ કેસ નં. **૧૯૮૮ /૨૦૨૩**

આંક ::–

GJAM120026882023

**મહે.એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા**

| | |
|---|---|
| શ્રી સરકાર | ફરીયાદી |
| વિરુધ્ધ | |
| આરોપી નં. ૨૬) હારૂનભાઇ આદમભાઇ ખારાણી<br>આરોપી નં. ૨૭) સલીમભાઇ લતીફભાઇ બુકેરા<br>આરોપી નં. ૨૯) હાજીભાઇ અલ્લારખભાઇ બાવનકા<br>આરોપી નં. ૩૦) કાનજીભાઇ જીવરાજભાઇ જિવાણી<br>આરોપી નં. ૩૧) શરદભાઇ કાનજીભાઇ જિવાણી<br>આરોપી નં. ૩૩) રાજુભાઇ મનજીભાઇ કલાણીયા<br>આરોપી નં. ૩૪) અશ્વીનભાઇ બાપુભાઇ ખુમાણ<br>તમામ રહે. ગારીયાધાર તા.ગારીયાધાર, જી.ભાવનગર<br>આરોપી નં ૩૩ અને ૩૪ રહે.મોટા ભમોદ્રા, તા.સાવરકુંડલા, જી.અમરેલી | આરોપી ઓ |
| | |

**ગુન્હો : – જુગાર ધારા કલમ– ૦૪,૦૫ મુજબ.**

**:: હુકમ ::**

**(ગુન્હા કબુલાત કરતા)**

(૧) આ કામના આરોપીઓ સામેના હાલના કામના ગુન્હાની વીગત મુજબ તેઓ જુગાર ધારા મુજબ પ્રતિબંધીત એવી જુગારની રમત જાહેરમાં રમતા મળી આવેલા અને જે તે સમયે તેઓ પાસેથી જુગાર રમવામાં ઉપયોગમાં લેવાયેલ રોકડ રકમ, વાહન, મોબાઈલ વિગરે કબજે લેવામાં આવેલ. આ અંગે તેઓ સામે આ હાલનુ ચાર્જશીટ રજુ રાખવામાં આવેલ છે.

(૨) ગુન્હાના કામે આરોપીઓ નાઓ હાજર થતા તેઓને પોલીસપેપર્સની નકલો આપવામાં આવેલ, ત્યારબાદ આજરોજ આરોપી ઓ એ તેઓ સ્વેચ્છાએ તેમના સામેનો આ ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનુ જણાવી તે અંગે કબુલાત પુરશીશ રજુ કરેલ છે, તથા તેઓનો પ્રથમ ગુન્હો હોય ગરીબ માણસ હોય રહેમ નજર રાખી ઓછી સજા કરવા અરજ કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપી ઓ ગુન્હો કબુલ હોવા લખી આપેલ છે.

(૩) કેસની હકીકત તથા આરોપીનો આ પ્રથમ વખતનો ગુન્હો હોવાની રજુઆત ધ્યાને લેતા આરોપીને કાયદા મુજબ થઈ શકે તે પુરેપુરી સજા નહી કરતા માત્ર દંડ કરવામાં આવે તો તે પણ યોગ્ય અને ન્યાયીક હોવાનુ જણાય છે. આ સબંધે ***'નટવર હિરચંદ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (જી.એલ.આર. ૨૦૦૫ પેજ નં.૭૦૯)'*** ના ચુકાદામાં નામદાર હાઈકોર્ટે ઠરાવેલ બાબતો વંચાણે લઈ નીચે મુજબનો ન્યાયીક હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

૧) આ કામના આરોપી નં ૨૬,૨૭,૨૯,૩૦,૩૧,૩૩,૩૪ નાઓને **સી.આર.પી.સી ની કલમ-૨૫૨** મુજબ તેઓ સામેના **આક્ષેપીત જુગાર ધારા કલમ- ૦૪,૦૫** મુજબના ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને પ્રત્યેક આરોપીને **રુપીયા ૮૦૦/-** (અંકે રુપીયા આંઠસો પુરા) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે.**(કુલ દંડ રુા. ૫,૬૦૦ /- પુરા)**

૨) દંડની રકમ ભરપાઈ કરવાની કશુર બદલ દિન- ૧ ની સાદી કેસની સજા કરવામાં આવે છે.

૩) અન્ય આરોપી પૈકી ૧,૫,૧૫,૧૯,૨૦,૨૧,૨૩,૨૮,૩૨,૩૬,૩૭ સામે કાર્યવાહી પેન્ડીંગ રહેતી હોય આ તબક્કે મુદ્દામાલ સબંધે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ ખુલ્લિ અદાલત માં જાહેર કર્યો.

તારીખ: ૨૯/૦૮/૨૦૨૬
સ્થળ: સાવરકુંડાલ.

**(કુત્બુદીન નુરમોહંમદ સરવૈયા)**
અધિક ચીફ જયુ.મેજિસ્ટ્રેટ,
તા. સાવરકુંડલા, જિ. અમરેલી.
**(UNI CODE NO : GJ00966 )**

દંડ પાવતી નં..........................
વસુલ દંડની રકમ રૂા. ૫૬૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર છસ્સો પુરા)
તા. ૨૯/૦૮/૨૦૨૬
**નાઝીર/સીનીયર કલાર્ક**
**અધિક ચીફ જયુ.મેજી.કોર્ટ,સાવરકુંડલા.**